eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 314
May 18, 2012

## માહે એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૩૩૫૭ ઈન્ડોર તથા ૩૩૧૫૬ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૫૪૭ તથા ૫૪૨ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૭૩૦૨ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૫૮૧ અને જુના ૧૨૩૮ દર્દીઓ સહીત કુલ ૧૮૧૯ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૦/૦૫/૨૦૧૨ના રોજ સુરત પશ્ચિમ અને ચોયાર્સી વિધાનસભા મત વિસ્તારના શહેરી ગરીબો માટે ગરીબ કલ્યાણ મેળાનું આયોજન



રાજય સરકારશ્રી ધ્વારા સમાજનાં દરેક વર્ગોને વિવિધ કલ્યાણકારી યોજનાઓ થકી વિવિધ સેવાઓ પુરી પાડી ગુજરાતનાં અવિરત વિકાસમાં સામેલ કરી રહેલ છે. રાજય સરકારશ્રી ધ્વારા ગ્રામ્ય કક્ષાએ ગરીબ મેળાઓનું આયોજન કરી ગરીબોને સહાય કરવામાં આવી રહેલ છે. તેજ રીતે શહેરી વિસ્તારનાં ગરીબો માટે શહેરી ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરી ગરીબોને વિવિધ યોજનાઓ થકી સહાય કરી આર્થિક રીતે પુનરૂત્થાન કરવાનો મહા સંકલ્પ આદર્યો છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૧/૦૫/૨૦૧૨ના રોજ ઓલપાડ, સુરત ઉતર અને સુરત પૂર્વ વિધાનસભા વિસ્તારના શહેરી ગરીબો માટે ગરીબ કલ્યાણ મેળાનું આયોજન

રાજય સરકારશ્રી ધ્વારા સમાજનાં દરેક વર્ગોને વિવિધ કલ્યાણકારી યોજનાઓ થકી વિવિધ સેવાઓ પુરી પાડી ગુજરાતનાં અવિરત વિકાસમાં સામેલ કરી રહેલ છે. રાજય સરકારશ્રી ધ્વારા ગ્રામ્ય કક્ષાએ ગરીબ મેળાઓનું આયોજન કરી ગરીબોને સહાય કરવામાં આવી રહેલ છે. તેજ રીતે શહેરી વિસ્તારનાં ગરીબો માટે શહેરી ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરી ગરીબોને વિવિધ યોજનાઓ થકી સહાય કરી આર્થિક ...



વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત ખાતે સમરકેમ્પની પૂર્ણાહુતી

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત ખાતે તા.૧લી મે થી ૧૦મી મે દરમ્યાન ૭ થી ૧૨ વર્ષ અને ૧૩ થી ૧૭ વર્ષની વયના બાળકો માટે બે ગૃપમાં સમરકેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૭ થી ૧૨ વર્ષની વય ગૃપનાં ૪૭ બાળકો તથા ૧૩ થી ૧૭ વર્ષની વયના ૬૬ બાળકો મળી કુલ ૧૧૩ બાળકોએ ભાગ લીધો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૦ મી નાટય સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા ધ્વારા ૪૦ મી નાટય સ્પર્ધા આગામી સપ્ટેમ્બર માસમાં યોજવામાં આવનાર છે. આ નાટય સ્પર્ધામાં સુરત શહેરની નાટય સંસ્થાઓ તથા કલાકારો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા અંગેના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી. મહેતા નાટયગૃહ (રંગ ઉપવન), ચોકબજાર, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મળશે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૩૩૫૭ ઈન્ડોર તથા ૩૩૧૫૬ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૫૪૭ તથા ૫૪૨ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૭૩૦૨ એક્ષ—રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૫૮૧ અને જુના ૧૨૩૮ દર્દીઓ સહીત કુલ ૧૮૧૯ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૦૬૨ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૪૧૫ તથા આંખ વિભાગમાં ૨૧૫૪ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૧૦૬૮ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકો આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૦/૦૫/૨૦૧૨ના રોજ સુરત પશ્ચિમ અને ચોયાર્સી વિધાનસભા મત વિસ્તારના શહેરી ગરીબો માટે ગરીબ કલ્યાણ મેળાનું આયોજન




રાજય સરકારશ્રી ધ્વારા સમાજનાં દરેક વર્ગોને વિવિધ કલ્યાણકારી યોજનાઓ થકી વિવિધ સેવાઓ પુરી પાડી ગુજરાતનાં અવિરત વિકાસમાં સામેલ કરી રહેલ છે. રાજય સરકારશ્રી ધ્વારા ગ્રામ્ય કક્ષાએ ગરીબ મેળાઓનું આયોજન કરી ગરીબોને સહાય કરવામાં આવી રહેલ છે. તેજ રીતે શહેરી વિસ્તારનાં ગરીબો માટે શહેરી ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરી ગરીબોને વિવિધ યોજનાઓ થકી સહાય કરી આર્થિક રીતે પુનરૂત્થાન કરવાનો મહા સંકલ્પ આદર્યો છે.

તા.૧૦/૦૫/૨૦૧૨નાં રોજ સુરત પશ્ચિમ અને ચોયાર્સી વિધાનસભા મત વિસ્તારના શહેરી ગરીબો માટે પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડીયમ ખાતે શહેરી ગરીબ કલ્યાણ મેળાનું આયોજન બપોરે ૩.૦૦ કલાકથી કરવામાં આવ્યું હતું. જેમાં વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ શહેરના પ્રથમ નાગરીક અને મા.મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈએ સૌને આવકારતા જણાવ્યું હતુ કે પંડિત દિન દયાળને યાદ કરતા આ સુરતની અવિરત વિકાસની હરણફાઈ અને સમાજના ગરીબ લોકોને વિવિધ યોજના હેઠળ લાભ આપી સહાયભુત થવા આ કાર્યક્રમનું આયોજન થઈ રહયું છે. સુરત મહાનગરપાલિકાએ લાભાર્થીઓના વિતરણની આ ખાસ સુવિધા અત્રે ઉપસ્થિત કરી છે. ત્યારબાદ અલગ અલગ યોજનાના ૪ લાભાર્થીઓએ પોતાનો પ્રતિભાવ વ્યકત કર્યો હતો.



પ્રભારી મંત્રીશ્રી મા.મંગુભાઈ પટેલે પોતાના પ્રસંગોચિત વકતવ્યમાં જણાવ્યું હતું કે સુરત શહેરમાં બે વિભાગમાં કરવામાં આવેલ આયોજન પૈકી આજ રોજ પ્રથમ વિભાગના આયોજનમાં ૧૧,૨૮૬ જેટલા લાભાર્થીઓને ૧૧૭ કરોડ થી પણ વધુ રકમનું વિતરણ થઈ રહયું છે. અગાઉ સરકારશ્રીના ત્રણ તબકકાના આયોજન હેઠળ કુલ ૬૪૨ ગરીબ મેળાઓ પૈકી ૫૮ લાખ લાભાર્થીઓને ૮,૫૦૦ કરોડના સાધનો અને રોકડ સહાયનું વિતરણ કરવામાં આવ્યું છે. ભૂતકાળમાં વચેટીયા અને એજન્ટોની પ્રથાને કારણે લાભથી વંચિત રહેતા અને આ પ્રથાને નાબુદ કરી લાભાર્થીને સીધે સીધુ વિતરણ પહોંચે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. રાજયના ગામડાઓના વિકાસ માટેની વિવિધ યોજનાઓમાં ગામના શ્રેષ્ઠીઓની લોકભાગીદારી સામેલ કરી તેનો અમલીકરણ થઈ રહયો છે. જેને કારણે ગરીબોનું જીવનધોરણ અને તેઓના પરિવારની સ્થિતિમાં પણ સુધારો જોવા મળી રહયો છે.

અંતમાં ડે.મેયરશ્રીમતી વર્ષાબેન રાણાએ ઉપસ્થિત તમામનો આભાર માન્યો હતો. આ પ્રસંગે સાંસદશ્રી સી.આર.પાટીલ, શ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, શ્રી નાનુભાઈ વાનાણી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, અન્ય પદાધિકારીશ્રીઓ, લાભાર્થીઓ તથા જાહેર જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. મ્યુ.કમિશ્નર શ્રી એમ.કે.દાસના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું સફળતાપુર્વક આયોજન કરવામાં આવ્યુ હતું.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૧/૦૫/૨૦૧૨ના રોજ ઓલપાડ, સુરત ઉતર અને સુરત પૂર્વ વિધાનસભા વિસ્તારના શહેરી ગરીબો માટે ગરીબ કલ્યાણ મેળાનું આયોજન




રાજય સરકારશ્રી ધ્વારા સમાજનાં દરેક વર્ગોને વિવિધ કલ્યાણકારી યોજનાઓ થકી વિવિધ સેવાઓ પુરી પાડી ગુજરાતનાં અવિરત વિકાસમાં સામેલ કરી રહેલ છે. રાજય સરકારશ્રી ધ્વારા ગ્રામ્ય કક્ષાએ ગરીબ મેળાઓનું આયોજન કરી ગરીબોને સહાય કરવામાં આવી રહેલ છે. તેજ રીતે શહેરી વિસ્તારનાં ગરીબો માટે શહેરી ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરી ગરીબોને વિવિધ યોજનાઓ થકી સહાય કરી આર્થિક રીતે પુનરૂત્થાન કરવાનો મહા સંકલ્પ આદર્યો છે.

તા.૧૧/૦૫/૨૦૧૨ના રોજ ઓલપાડ, સુરત ઉતર અને સુરત પૂર્વ વિધાનસભા વિસ્તારના શહેરી ગરીબ કલ્યાણ મેળાનું ડો.શ્યામાપ્રસાદ મુખર્જી લેક ગાર્ડનની બાજુના સુરત મહાનગરપાલિકાના ક્રિકેટ ગ્રાઉન્ડમાં, કાંસાનગર, કતારગામ, સુરત ખાતે આયોજન બપોરે ૪.૦૦ કલાકથી કરવામાં આવ્યું હતું. જેમાં વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમ અને "હવે અમે ગરીબ રહેવું નથી" નાટક બાદ શહેરના પ્રથમ નાગરીક અને મા.મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈએ સૌને આવકારતાં જણાવ્યું હતું કે, એક જ સમયે અનેક જરૂરીયાતમંદોને અનેક યોજનાઓ હેઠળ લાભ અપાવવા માટેના આ કાર્યક્રમનું આયોજન મા.મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ થઈ રહયું છે.



કુટીર, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી (સ્વતંત્ર હવાલો) આયોજન, વાહન વ્યવહાર વિભાગના મા.મંત્રીશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, પોતાના વકતવ્યમાંજણાવયું હતું કે હમણા સુધીમાં થયેલ આ પ્રકારના આયોજન હેઠળ ગુજરાતના ૫૮ લાખથી પણ વધુ લાભાર્થીઓને ૮૧૨૦ કરોડ જેટલી રકમના સાધનો, સબસીડી અને રોકડ સહાયનું સીધે સીધું વિતરણ થયું છે. છેલ્લા ૧૦ વર્ષના વિવિધ ક્ષેત્રોના થયેલ વિકાસને વર્ણવતા જણાવ્યું કે કેમીકલમાં ૫૧%, પોલિસ ડાયમંડમાં ૮૦%, કાગ્રો સપ્લાયમાં ૪૫% જેટલો વિકાસ હાંસલ કરી ભણતર માટે ૧.૭૮ લાખ ખંડો ઓટો–મોબાઈલ અને રીફાઈનરીનું હબ વિગેરેના વર્ણવયા હતા. પ્રભારી મંત્રીશ્રી મા.મંગુભાઈ પટેલે પોતાના પ્રસંગોચિત વકતવ્યમાં જણાવ્યું હતું કે, આજ રોજ ૭૦૦૦ થી વધુ લાભાર્થીઓને રૂા.૩૩ કરોડની સાધન સામગ્રીનું વિતરણ થનાર છે. હમણાં સુધીમાં આ આયોજન પૈકી રાજયમાં ૧૫ લાખ મહિલાઓ, ૧૬ લાખ આદિવાસીઓ અને ૮ લાખથી વધુ અનુસૂચિત જનજાતીના લોકોને સીધો લાભ આપી તથા વિવિધ તાલીમો પૈકી સુરત ખાતે ૧૬૨૮૯ લોકોને નોકરીનો લાભ મળી શકયો છે. રોજગારીની તકોમાં થયેલ વૃધ્ધિમાં ગુજરાનો ૭૩% સીંહફાળો રહયો છે. અને છેલ્લા એક જ અઠવાડિયામાં શ્રમ રોજગારના ચાર કાર્યક્રમો હેઠળ રાજયમાં ૬૫ હજાર લોકોને નોકરીની તક આપવામાં આવી છે. કૃષિ મહોત્સવની કામગીરી હેઠળ પણ આ રીતનો વિકાસ થઈ રહયો છે.

આજે સરકારશ્રી દ્વારા અમલમાં મુકાતી વિવિધ યોજનાઓ અને સુરત મહાનગરપાલિકા દ્વારા પણ અમલી જુદી જુદી ૧૦ સ્કીમના સુરત શહેરનાં ઓલપાડ, સુરત ઉત્તર અને સુરત પૂર્વ વિધાનસભા વિસ્તારનાં ગરીબ લાભાર્થીઓને વિવિધ યોજનાઓ અંતર્ગત રોકડ સહાય, સાધનો, કીટ વિગેરે જેવી અંદાજીત ૨૬ યોજનાઓનાં કુલ ૬૯૧૯ લાભાર્થીઓને રૂા.૩૨૫૪.૪૬ લાખ જેટલી માતબર સહાયનું વિતરણ કરવામા આવ્યું હતું. અંતમાં મા. ડે.મેયરશ્રીમતી વર્ષાબેન રાણાએ ઉપસ્થિત તમામ સર્વેનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, શ્રી કિશોરભાઈ વાંકાવાલા, શ્રી કિરીટભાઈ પટેલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, અન્ય પદાધિકારીશ્રીઓ, લાભાર્થીઓ તથા જાહેર જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. મ્યુ.કમિશનરશ્રી એમ.કે.દાસના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું સફળતાપુર્વક આયોજન કરવામાં આવ્યુ હતું.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત ખાતે સમરકેમ્પની પૂર્ણાહુતી




સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત ખાતે તા.૧લી મે થી ૧૦મી મે દરમ્યાન ૭ થી ૧૨ વર્ષ અને ૧૩ થી ૧૭ વર્ષની વયના બાળકો માટે બે ગ્રૃપમાં સમરકેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૭ થી ૧૨ વર્ષની વય ગ્રૃપનાં ૪૭ બાળકો તથા ૧૩ થી ૧૭ વર્ષની વયના ૬૬ બાળકો મળી કુલ ૧૧૩ બાળકોએ ભાગ લીધો હતો. ૭ થી ૧૨ વર્ષની વય ગ્રૃપનાં બાળકોને ડ્રોઈંગ, ઓરેગામી, વેસ્ટમાંથી બેસ્ટ, કલરફુલ સરપ્રાઈઝ, ફેન્સી એન્વેલપ મેઈકીંગ, પોટ ડેકોરેશન, નેમ પ્લેટ મેઈકીંગ તેમજ ટી–શર્ટ પેઈન્ટીંગ જેવા વિષયોની એકટીવીટી અને ૧૩ થી ૧૭ વર્ષની વય ગ્રૃપનાં બાળકોને ક્રાફટ, હોબી, સેન્ડ પેઈન્ટીંગ તથા એસ્ટ્રોનોમી અંતર્ગત નો યોર પ્લેનેટસ, નો યોર ઝોડીયાક, ફેસીસ ઓફ મુન, સીઝન્સ, ડે ટાઈમ એસ્ટ્રોનોમી અને નાઈટ સ્કાય ઓબ્ઝર્વેશન અંર્તગત દિવસે સૂર્ય અને રાત્રે આકાશમાં ચંદ્ર અને શુક્ર ગ્રહનું ટેલીસ્કોપ દ્વારા નિરીક્ષણ કરાવવામાં આવ્યું હતુ. તે ઉપરાંત સાયન્સ એકટીવીટી અંતર્ગત પેરીસ્કોપ, સન ડાયલ, મોડેલ એલીવેટર અને રોકેટ મોડેલ મેઈકીંગ તેમજ તેનું લોન્ચીંગ કરાવવામાં આવ્યું હતું તે ઉપરાંત સાયન્ટીફીક સાધનોની સમજ સાથે વિજ્ઞાનના જુદા જુદા નિયમોનું નિદર્શન કરાવવામાં આવ્યું હતું. આ સમરકેમ્પમાં બાળકોની એકટીવીટી માટે શહેરના નિષ્ણાંતોનો પણ લાભ લેવામાં આવ્યો હતો, જેમાં ડ્રોઈંગ માટે શ્રી જશવંતભાઈ નથ્થુકારાવાલા, ક્રાફટ અને કલે મોડલીંગ માટે શ્રી છાયાબેન કંસારીવાળા અને શ્રી રીટાબેન રાઠોડ, ફીલાટેલી અને હોબી માટે શ્રી હિરેનભાઈ ઝવેરી દ્વારા બાળકોને શીખવવામાં આવ્યું હતુ તેમજ સાયન્સ સેન્ટરના સ્ટાફ ધ્વારા બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. સમરકેમ્પમાં ભાગ લેનાર તમામ બાળકોને સાયન્સ સેન્ટરની મુલાકાત વિના મૂલ્યે કરાવવામાં આવી હતી,

તા.૧૧/૦૫/૨૦૧૨ ના રોજ બપોરે ૧૧ કલાકે સમરકેમ્પની પૂર્ણાહુતિ પ્રસંગે ૧૦ દિવસ દરમ્યાન બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલા વિવિધ કલાત્મક નમુનાઓ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા તેમજ આ પ્રસંગે સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષ મા. શ્રીમતી ઉર્વશીબેન માળી તથા સાંસ્કૃતિક સમિતિના સભ્યોશ્રી શ્રીમતી દક્ષાબેન જરીવાલા અને શ્રીમતી રંજનબેન પટેલ તથા તજજ્ઞ તરીકે સેવા આપનાર શ્રી જશવંતભાઈ નથ્થુકારાવાલા, શ્રી છાયાબેન કંસારીવાળા અને શ્રી રીટાબેન રાઠોડ તથા શ્રી હિરેનભાઈ ઝવેરીના વરદ હસ્તે બાળકોને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. સમરકેમ્પની પૂર્ણાહુતિ પ્રસંગે બાળકોના વાલીઓએ પ્રદર્શન નિહાળ્યું હતું તેમજ ઉત્સાહભેર તેમના અભિપ્રાયો અને સુચનો રજૂ કર્યા હતા.

TOP

## સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૦ મી નાટય સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા ધ્વારા ૪૦ મી નાટય સ્પર્ધા આગામી સપ્ટેમ્બર માસમાં યોજવામાં આવનાર છે. આ નાટય સ્પર્ધામાં સુરત શહેરની નાટય સંસ્થાઓ તથા કલાકારો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા અંગેના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી. મહેતા નાટયગૃહ (રંગ ઉપવન), ચોકબજાર, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મળશે. નાટય સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી સંસ્થાઓએ પ્રવેશપત્ર સાથે રૂા.૩,૦૦૦/– ની ડીપોઝીટની રકમ તથા નાટયકૃતિની એક કોમ્પ્યુટરાઈઝડ હાર્ડ કોપી તથા સોફટ કોપી(સીડી) પ્રવેશ ફાર્મ સાથે તા.૨૩/૦૫/૨૦૧૨ના રોજ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં સાંસ્કૃતિક વિભાગમાં મોકલી આપવાના રહેશે. અધુરી વિગતવાળા પ્રવેશપત્રો રદ થવાને પાત્ર રહેશે.

TOP